## ગુજરાત રાજ્ય સેવા (તબીબીસારવાર) નિયમો અંતર્ગત સાંભળવાના (હિયરિંગ એઇડ) મશીનની કિંમતની ઉપલી ટોચમર્યાદા નક્કી કરવા અંગે

આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ, ઠરાવક્રમાંક : એમએજી/102005/2742/અ

સચિવાલય, ગાંધીનગર, તા. 01-10-2006.

વંચાણે લીધા : (1) કમિશનરશ્રી, આરોગ્ય તબીબી સેવાઓ અને તબીબીશિક્ષણ (ત.સે.)ની કચેરીના અ.સ.પત્રક : ડી9/તસા/હિયરિંગ એઇડ/કિંમતમર્યાદા/06/159, તા. 18-3-'06.

(2) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક : એમએજી-1905-2471-અ, તા. 18-1-'96.

(3) આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગનો ઠરાવક્રમાંક : એમએજી-2003-2267-અ, તા. 13-9-2004.

આમુખ :

આ વિભાગના તા. 18-1-'96ના ઠરાવક્રમાંક : એમએજી-1905-2471-અ થી ગુજરાત રાજ્ય સેવા (તબીબીસારવાર) નિયમો-1988 બહાર પાડવામાં આવેલ છે. આ નિયમોના નિયમ-2(7)(6) થી સરકારી કર્મચારીને અને વિભાગના તા. 13-9-2004ના ઠરાવક્રમાંક : એમએજી-2003-2267-અ (સંદર્ભ-3) માં દર્શાવેલ ઠરાવથી લાભાર્થીઓને જીવનકાળ દરમિયાન માત્ર એક વખત સાંભળવાના મશીન (હિયરિંગ એઇડ)ને મંજૂરી આપવામાં આવેલ છે. આ મશીનની ખરીદી માટે કોઈ ચોક્કસ કિંમત નક્કી કરવામાં આવેલ નથી. આથી રાજ્યની તિજોરીના અધિકારીશ્રીઓને પેન્શનર તથા લાભાર્થીઓને સાંભળવાના મશીનની ખરીદી બાદ ખર્ચ તેને મજરે આપવાની બાબતે ચોક્કસ કિંમત / રકમ નક્કી થયેલ ન હોવાથી મુશ્કેલી ઊભી થતી હતી. આ અંગે નાયબ નિયામકશ્રી, તબીબી સેવાના સંદર્ભ (1)માં દર્શાવેલ પત્રથી અત્રે દરખાસ્ત મળેલ છે. હાલમાં આ સાધનની કિંમતની રેન્જ ઘણી મોટી હોઈ ઉપલી ટોચમર્યાદા નક્કી કરવાની જરૂરિયાત ઊભી થયેલ છે.

આ વિભાગના તા. 13-9-'04ના સંદર્ભ-3માં દર્શાવેલ ક્રમાંક : એમએજી-2003-2267-અ થી સાંભળવાના સાધનનો ખર્ચ પેન્શનર તથા લાભાર્થીઓને જીવનકાળ દરમિયાન માત્ર એક વખત મંજૂર કરવાનું ઠરાવવામાં આવેલ છે. તથા સંદર્ભ-2માં દર્શાવેલ ઠરાવથી સરકારી કર્મચારી તથા લાભાર્થીઓને નિયમ-2(7) (૬) થી એક વખત જીવનકાળ દરમિયાન સાંભળવાનું મશીન ખરીદ કરે તો તે મજરે આપવાની જોગવાઈ કરવામાં આવેલ છે. આ જોગવાઈ આંખ, કાન અને ગળાના તજજ્ઞના પ્રમાણપત્ર અને દર્દીની જરૂરિયાતના આધારે મશીન ખરીદ કરી શકવાની જોગવાઈ છે. હાલમાં આમુખમાં જણાવ્યા મુજબ સાંભળવાના સાધનની કિંમતનો ઘણો મોટો ગાળો હોઈ સિવિલ હૉસ્પિટલમાં આંખ, કાન અને ગળાના તજજ્ઞ દ્વારા પ્રમાણિત કરાયેલું સાંભળવાનું મશીન રૂ. 25,000 (અંકે રૂપિયા પચીસ હજાર પૂરા)ની મર્યાદામાં મંજૂર કરવાનું ઠરાવવામાં આવે છે.

જે દર્દી / લાભાર્થીના કેસમાં સરકારી તજજ્ઞને જરૂર લાગે તો દર્દી / લાભાર્થીના સાંભળવાની ક્ષમતાને ધ્યાને લઈને તેના Audition (ઑડિશન) ના રિપોર્ટના આધારે ખાસ પ્રમાણપત્ર આપવાનું રહેશે કે ''મજકુર દર્દીને બરાબર તપાસ્યા બાદ તેની કાનની સાંભળવાની ખામીને સુધારવા માટે ચોક્કસ ડિજિટલ / બિનડિજિટલ પ્રકારના કેટલી ફ્રિકવન્સી ધરાવતા મશીનની જરૂરિયાત છે. શક્ય હોય તો તજજ્ઞે આવા મશીનની રેન્જ પણ દર્શાવવાની રહેશે, તેમજ દર્દીને અનુરૂપ મશીનની જ ભલામણ કરવાની તજજ્ઞની જવાબદારી રહેશે. આવા પ્રમાણપત્ર સિવાય રૂ. 25,000 થી વધુ કિંમતના સાંભળવાના મશીનની ખરીદીનો ખર્ચ રિએમ્બર્સ થઈ શકશે નહિ.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણાં વિભાગની તા. 8-8-'06 ની નોંધથી મળેલ અનુમતિના અનુસંધાને બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી, મોનાં ખંધાર,

આરોગ્ય અને પરિવારકલ્યાણ વિભાગ, સંયુક્ત સચિવ

* * *